# કેન્દ્રીય પ્રાયોજિત યોજનાની સંખ્યા ઘટાડવાનો તખ્તો તૈયાર

## નીતિ આયોગના પેટા ગ્રુપની બેઠકમાં વિવિધ મુદ્દા ઉપર સહમતિ : યોજનાની સંખ્યા ૭૨થી ઘટાડી ૩૦ કરાશે : બે પ્રકારની યોજનાઓ રખાશે

નવીદિલ્હી,તા. ૨૭

કેન્દ્રીય પ્રાયોજિત યોજનાઓ (સીએસએસ)ની સંખ્યામાં વર્તમાન ૭૨થી ઘટાડીને ૩૦ કરવામાં આવે તેવા સંકેત દેખાઈ રહ્યા છે. નીતિ આયોગ દ્વારા રચવામાં આવેલા મુખ્યમંત્રીઓના પેટા ગ્રુપમાં આ સંદર્ભમાં મોટાભાગે સહમતી થઈ ગઈ છે. આ પેટાગ્રુપે આની સાથે જ કેટલીક યોજનાઓમાં ફ્લેક્સીફંડના હિસ્સાને ૧૦ ટકાથી વધારીને ૨૫ ટકા કરવાની ભલામણ કરી છે. નીતિ આયોગમાં અહીં નાયબ ગ્રુપની બેઠક બાદ તેના સંયોજક મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણે કહ્યું હતું કે, સીએસએસની સંખ્યા ઓછી કરીને બે પ્રકારની યોજનાઓ રાખવાને લઈને સહમતિ થઈ ગઈ છે. પેટા ગ્રુપની ભલામણોને પાંચમી જુલાઈ સુધી આખરી ઓપ આપી દેવામાં આવશે. આના ઉપર તમામ સભ્યોની મંજુરી લેવામાં આવ્યા બાદ વચગાળાનો અહેવાલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સોંપવામાં આવશે. આશરે એક મહિનાના ગાળામાં નાયબ ગ્રુપની ચાર બેઠકો થઈ ચુકી છે. છેલ્લી બેઠક ૨૮મી મેના દિવસે ભોપાલમાં યોજાઈ હતી. આ બેઠકોના આધાર પર એક મુસદ્દો તૈયાર કરવામાં આવ્યો હતો જે ટિકા ટિપ્પણી માટે સભ્યોને સોંપવામાં આવ્યો હતો. નીતિ આયોગના સીઈઓ સિંધુશ્રી ખુલ્લરના નેતૃત્વવાળી સમિતિએ આ રિપોર્ટને તૈયાર કરવામાં આવ્યા બાદ કેટલીક ભલામણો કરી હતી. મુસદ્દા રિપોર્ટ મુજબ કેન્દ્રીય પ્રાયોજિત આ યોજનાઓને બે વ્યાપક ગ્રુપમાં વિભાજત કરવામાં આવશે. પહેલા ગ્રુપમાં રાષ્ટ્રીય વિકાસ એજન્ડા સાથે જોડાયેલી મનરેગા, સ્વચ્છ ભારત મિશન અને મધ્યાહન ભોજન જેવી પ્રમુખ યોજનાઓને જોડવામાં આવશે. અંતિમ યાદી મોડેથી તૈયાર કરવામાં આવશે. રિપોર્ટ મુજબ બીજા ગ્રુપમાં સામાજિક સુરક્ષા, સામાજિક સમાવેશ સાથે જોડાયેલી વૈકલ્પિક યોજનાઓનો સમાવેશ કરાશે. મુસદ્દા રિપોર્ટ મુજબ યોજનાઓને બે ભાગમાં વિભાજિત કરવાના આધાર પર સીએસએસની સંખ્યા ૩૦ રહેશે. મુસદ્દા રિપોર્ટ મુજબ કેન્દ્રની હિસ્સેદારી ૫૦ ટકાથી ઓછી રહેશે નહીં. આજે યોજાયેલી બેઠકમાં મધ્યપ્રદેશ, રાજસ્થાન, કેરળ, ઉત્તરપ્રદેશ, નાગાલેન્ડ સહિત અન્ય રાજ્યોના મુખ્યમંત્રી પણ સામેલ થયા હતા. ઓળખ કરવામાં આવેલી દરેક યોજનાઓમાં કેન્દ્ર સામાન્યરીતે રાજ્યોની જરૂરિયાત મુજબ સમાન ફંડિંગ મોડલની સાથે કાર્યક્રમો તૈયાર કરશે. જે યોજનાઓમાં કેન્દ્રની હિસ્સેદારી ૬૦ ટકાથી ઓછી રહેશે તેને તે સ્તર પર જાળવી રાખવામાં આવશે. મુસદ્દા રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, વિઝન ૨૦૨૨ને સફળ બનાવવા માટે ગરીબી નાબૂદી, પીવાના શુદ્ધ પાણી, સ્વચ્છ ભારત, ગ્રામિણ વિજળીકરણ, મહિલા અને બાળ વિકાસ, તમામને આવાસ અને શહેરી રૂપાંતરણથી સંબંધિત યોજનાઓને પ્રાથમિકતા આપવામાં આવશે. નીતિ આયોગની સંચાલન પરિષદની પ્રથમ બેઠકમાં લેવામાં આવેલા નિર્ણય હેઠળ મોદીએ આ વર્ષે માર્ચ મહિનામાં પેટાગ્રુપની રચના કરી હતી. મુખ્યમંત્રીના આ પેટાગ્રુપમાં મધ્યપ્રદેશ, અરુણાચલ પ્રદેશ, જમ્મુ કાશ્મીર, ઝારખંડ, કેરળ, મણિપુર, નાગાલેન્ડ, રાજસ્થાન, તેલંગાણા, ઉત્તરપ્રદેશ, અંડામાન અને નિકોબાર દ્વીપના નાયબ રાજ્યપાલ આના સભ્યો છે.



# ચારધામની યાત્રા ભારે વરસાદ છતાંય યથાવત જારી છે : રાવત

### કેદારખીણમાંથી ૫૩૫ અને બદ્રીનાથ અને હેમકુંડમાંથી ૩૧૦ શ્રદ્ધાળુઓને અન્યત્ર ખસેડાયા છે : હેવાલમાં દાવો

દહેરાદુન,તા. ૨૭

ચારધામની યાત્રાની સુરક્ષાની ખાતરી આપતા ઉત્તરાખંડના મુખ્યમંત્રી હરીશ રાવતે આજે સાફ શબ્દોમાં કહ્યું હતું કે, ભારે વરસાદ થઈ રહ્યો હોવા છતાં ચાર ધામની યાત્રા સાનુકુળરીતે ચાલી રહી છે. આ યાત્રાને રોકવામાં આવી નથી. ઘણા યાત્રીઓને મુશ્કેલી નડી રહી છે પરંતુ યાત્રાને બંધ કરવામાં આવી નથી. મુખ્યમંત્રીએ કહ્યું હતું કે, પરિસ્થિતિ બિલકુલ સામાન્ય બનેલી છે. કોઈપણ પ્રકારની દહેશત રાખવા માટે કોઈ કારણ નથી. આગળ પણ યાત્રા સામાન્યરીતે જારી રાખવામાં આવશે. હાલમાં ભારે વરસાદ ઉત્તરાખંડમાં થઈ રહ્યો છે. ચાર ધામની યાત્રામાં રહેલા લોકોને ચિંતા કરવાની જરૂર નથી. કારણ કે દરેક બાબત કાબૂ હેઠળ છે. કેદારનાથ, બદ્રીનાથ, ગંગોત્રી, યમનોત્રી અને હેમકુંડ સાહિબની યાત્રામાં રહેલા શ્રદ્ધાળુઓને તકલીફ થઈ રહી છે. કારણ કે, ગઈકાલે માર્ગો અને પુલને વ્યવસ્થિત બનાવવાની કામગીરી જારી રહી હતી જેથી થોડાક સમય માટે લોકોને તકલીફ થઈ હતી. બીજી બાજુ અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, અટવાઈ પડેલા ૫૩૫ જેટલા શ્રદ્ધાળુઓને કેદાર ખીણમાંથી ખસેડવામાં આવ્યા હતા જ્યારે બદ્રીનાથ અને હેમકુંડમાંથી ૩૧૦ શ્રદ્ધાળુઓને ખસેડવામાં આવ્યા હતા. હાલમાં દેશના ઘણા ભાગોમાં ભારે વરસાદ થઈ રહ્યો છે. જેના પરિણામ સ્વરુપે લોકોને ભારે મુશ્કેલી નડી રહી છે. ચારધામની યાત્રામાં છેલ્લા કેટલાક સમયથી હંમેશા મોડી અડચણો આવતી રહી છે. અગાઉ ચારધામની યાત્રામાં હજારો લોકોના મોત થઈ ગયા હતા. વિનાશકારી પુરની સ્થિતિ સર્જાઈ ગઈ હતી. ભારે વરસાદ થતાં જુદા જુદા રાજ્યોમાંથી ચાર ધામની યાત્રામાં પહોંચેલા લોકોના મોત થયા હતા. કેદારનાથમાં સૌથી વધારે નુકસાન થયું હતું. કેદારખીણમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ ગઈ હતી. અબજોની સંપત્તિને નુકસાન થયું હતું જેના લીધે ચારધામની યાત્રાને બંધ રાખવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, ૨૦૧૩માં ઉત્તરાખંડમાં ભારે વરસાદ બાદ વિનાસકારી પૂરની સ્થિતિ સર્જાઈ હતી જેથી જાનમાલનું ભારે નુકસાન થયું હતું.

# ટપાલ વિભાગને પેમેન્ટ બેંક લાયસન્સ ઓગસ્ટ સુધી મળી જશે

નવીદિલ્હી,તા. ૨૭

કેન્દ્રીયમંત્રી રવિશંકર પ્રસાદે આજે કહ્યું હતું કે, ઓગસ્ટ સુધી પોસ્ટ બેંક ઓફ ઈન્ડિયાને પેમેન્ટ લાયસન્સ આરબીઆઈ દ્વારા મળી જશે. તેમણે એમ પણ કહ્યું હતું કે, આરબીઆઈ દ્વારા ટપાલ વિભાગને બેંક લાયસન્સ આપવાને લઈને તમામ પ્રક્રિયા પૂરી કરી લેવામાં આવી છે. આનાથી દેશભરમાં ૧૫૪૦૦૦ પોસ્ટ ઓફિસના નેટવર્કને બેકિંગ સેવા સાથે જોડી દેવામાં આવશે. ૧૫૪૦૦૦ પોસ્ટ ઓફિસમાં ૧૩૦૦૦૦ ગ્રામિણ વિસ્તારોમાં પોસ્ટ ઓફિસ આવેલી છે જેમાં કર્મચારીઓ ગંભીરતાપૂર્વક ફરજ અદા કરી રહ્યા છે. દૂરસંચાર અને આઈટી પ્રધાન પ્રસાદે કહ્યું હતું કે, ઓગસ્ટ મહિનામાં ટપાલ વિભાગને પેમેન્ટ બેંક લાયસન્સ મળી જશે તેમ અમે માનીએ છીએ.

છેલ્લા એક વર્ષમાં ટપાલ વિભાગ દ્વારા ૨૭૨૧૫ પોસ્ટ ઓફિસ નેટવર્કને કોમ્પ્યુટર મારફતે જોડી દેવામાં આવ્યું છે. પેમેન્ટ બેંક લાયસન્સ માટે અરજી કરી ચુકેલા ટપાલ વિભાગે કેટલીક મહત્વની હિલચાલ હાથ ધરી છે. આરબીઆઈની માર્ગદર્શિકા મુજબ પેમેન્ટ બેંક ડિમાન્ડ ડિપોઝિટ અને રેનિટિ જેવી પ્રોડક્ટની રેંજમાં કામ કરી શકશે અને આ પ્રકારની સેવા આપી શકશે. તેમને ધિરાણની પ્રવૃત્તિ હાથ ધરવાની મંજુરી આપવામાં આવશે નહીં. શરૂઆતના પ્રતિવ્યક્તિગત કસ્ટમર એક લાખ રૂપિયાના મહત્તમ બેલેન્સને જાળવી રાખવાની મંજુરી અપાશે. તેમને એટીએમ અને ડેબિટ કાર્ડનો ઉપયોગ કરવાની મંજુરી આપવામાં આવશે. આ ઉપરાંત અન્ય પ્રિપેઈડ પેમેન્ટના સાધનોનો ઉપયોગ કરવાની પણ મંજુરી અપાશે પરંતુ ક્રેડિટ કાર્ડ જારી કરવાની મંજુરી આપવામાં આવશે નહીં. સૂત્રોના જણાવ્યા મુજબ આ સંદર્ભમાં કરવામાં આવેલી ભલામણોને સ્વીકારી લેવામાં આવી છે. પોસ્ટ ઓફિસ હાલમાં સુકન્યા સમૃદ્ધિ સ્કીમ હેઠળ બાવન લાખ ખાતાઓ ધરાવે છે જ્યારે બેંકો દ્વારા ૨-૩ ખાતાઓ ખોલવામાં આવ્યા છે.

# મોદી, અમિત શાહને મળવા વસુન્ધરાને મંજુરી મળી નહીં

નવીદિલ્હી,તા. ૨૭

રાજસ્થાનના મુખ્યમંત્રી વસુંધરા રાજેને વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ભાજપ પ્રમુખ અમિત શાહ અને નાણામંત્રી અરુણ જેટલીને મળવા માટેની તક આપવામાં આવી ન હતી. લલિત મોદી મામલામાં વિવાદનો સામનો કરી રહેલા વસુંધરા રાજે ભાજપના ટોપ નેતાઓને મળનાર હતા પરંતુ છેલ્લી ઘડીએ તેમની વાતચીત શક્ય બની ન હતી. એવા અહેવાલ મળ્યા છે કે, વસુંધરા ભાજપના નેતાઓને મળવા ઈચ્છુક હતા પરંતુ તેમને મંજુરી અપાઈ ન હતી. રાજે આજે સવારે નીતિ આયોગની બેઠકમાં હાજરી આપવા માટે પહોંચ્યા હતા. સાંજે પાર્ટીના નેતાઓને મળવાની તેમની યોજના હતી. લલિત ગેટ મામલામાં પાર્ટી લીડરશીપ તરફથી તેમને ક્લીનચીટ મળી ચુકી છે. જો કે, રાજેને ત્રણ નેતાઓ સાથે મળવાની પરવાનગી અપાઈ ન હતી જેના પરિણામ સ્વરુપે રાજે મોડેથી જયપુર પહોંચી ગયા હતા. રાજે ઉપર લલિત ગેટના મામલામાં રાજીનામાનું દબાણ રહેલું છે. જો કે, અહેવાલમાં દાવો કરાયો છે કે, પાર્ટીની ટોપ લીડરશીપે રાજેની રજૂઆતને સ્વીકારી લીધી છે. ગઈકાલે આ મુદ્દા ઉપર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમિત શાહ અને જેટલી સાથે વાતચીત કરી હતી. ભાજપે વસુંધરા સામે મુકવામાં આવેલા તમામ આક્ષેપોને ગઈકાલે ફગાવી દીધા હતા. ભાજપના રાજ્ય એકમે દાવો કર્યો છે કે, વસુંધરાના પુત્ર દ્વારા માલિકીની હોટલમાં લલિત મોદીનું રોકાણ કાયદેસરનું છે. સત્તાવાળાઓ સમક્ષ આના દસ્તાવેજો પણ મુકાયા છે. બીજી બાજુ ભાજપે વસુંધરા રાજેને હાલમાં સમગ્ર મામલામાં ટેકો આપ્યો છે. નીતિ આયોગની આજે યોજાયેલી બેઠકમાં વિવિધ પાસાઓ ઉપર ચર્ચા થઈ હતી. બીજી બાજુ રાજેની ૨૭મી જૂનથી બીજી જુલાઈ વચ્ચેની લંડનની યાત્રાને રદ કરી દેવામાં આવી છે. નીતિ આયોગની બેઠકને ધ્યાનમાં લઈને આ યાત્રા રદ કરવામાં આવી છે. વસુંધરા રાજે લલિત મોદી મામલાને લઈને હાલમાં રાજીનામાના તીવ્ર દબાણનો સામનો કરી ચુક્યા છે. કોંગ્રેસ સહિતના રાજકીય પક્ષો તેમના ઉપર આકરા પ્રહાર કરી રહ્યા છે. પાર્ટીએ રાજસ્થાનના સૌથી શક્તિશાળી નેતા તરીકે વસુંધરાને ગણાવ્યા છે. રાજસ્થાનમાં વિધાનસભા અને લોકસભાની ચૂંટણીમા ંભાજપને હાલમાં ઐતિહાસિક જીત મળી છે.

# ટ્યુનેશિયા, કુવેત, ફ્રાન્સમાં હુમલા બાદ વ્યાપક દરોડા

## ત્રાસવાદી હુમલાઓમાં મૃતાંક વધીને ૬૦ : ઇજાગ્રસ્તની સંખ્યા ૨૦૦થી ઉપર

ટુનિસ,તા. ૨૭

ફ્રાંસ, કુવૈત અને ટ્યુનિશિયામાં એક સાથે કરવામાં આવેલા હુમલાના એક દિવસ બાદ ખતરનાક ત્રાસવાદી સંગઠન ઈસ્લામિક સ્ટેટ ટ્યુનેશિયા અને કુવેતમાં હુમલાની જવાબદારી સ્વીકારી લીધી હતી. જેથી આ અંગે ચાલી રહેલી અટકળોનો અંત આવી ગયો હતો. બીજી બાજુ મોતનો આંકડો વધીને આજે ૬૦ ઉપર પહોંચી ગયો હતો. ઘાયલોની સંખ્યામાં ૨૫૦થી ઉપર હોવાનુ જાણવા મળ્યું છે. કેટલાક ગંભીર પણ છે. જેથી હુમલામાં મોતનો આંકડો વધી શકે છે. ટ્યુનેશિયામાં કરાયેલા હુમલામાં મોટા ભાગે વિદેશી પ્રવાસીના મોત થયા છે. જે પૈકી બ્રિટીશ નાગરિક સૌથી વધારે છે. જ્યારે જર્મની, ફ્રાન્સ અને બેલ્જિયમના નાગરિક પણ મૃતકોમાં સામેલ છે. મૃતકોમાં બ્રિટનના આઠ, બેલ્જિયમના એક અને જર્મનીના એક નાગરિકની ઓળખ થઈ ચુકી છે. ૪૦ પૈકી ૩૮ની ઓળખ થઈ છે. જેમાં બ્રિટનના આઠ લોકો પણ સામેલ છે. બ્રિટિશ, જર્મન અને બેલ્જિયમ નાગરિક સહિત અન્ય ૩૯ લોકો ઘાયલ થયા છે. હુમલો કરાયો ત્યારે મોટાભાગના લોકો બીચ રિસોર્ટ ખાતે આવેલી હોટલમાં હતા અને તેમની પાસે ઓળખપત્રો ન હતા જેથી ઓખળ કરવામાં હજુ સમય લાગી શકે છે. ત્રણેય દેશોમાં વ્યાપ તપાસ ચાલી રહી છે. જેના ભાગરૂપે શંકાસ્પદ સ્થળોએ દરોડા પાડવામાં આવી રહ્યા છે. ગઈકાલે કરાયેલા જુદા જુદા હુમલાઓના કારણે વિશ્વભરમાં ખળભળાટ મચી ગયો હતો. બે કલાકના ગાળાની અંદર જ ત્રણ દેશોમાં ત્રાસવાદી હુમલા થયા હતા. ફ્રાંસની એક ફેક્ટરીમાં કરવામાં આવેલા હુમલા બાદ જ કુવૈતની એક સિયા મસ્જિદમાં જુમ્માની નમાઝ અદા કરવામાં આવ્યા બાદ આત્મઘાતી હુમલો કરાયો હતો જેમાં મોટી ખુવારી થઈ હતી. .લોકોમાં વ્યાપક દહેશત ફેલાઈ ગઈ છે. આતંકવાદી સંગઠન ઈસ્લામિક સ્ટેટે આ હુમલાની જવાબદારી સ્વીકારી હતી. ત્યારબાદ જ ટ્યુનિશિયામાં પણ હુમલો કરવામાં આવ્યો હતો. બે હોટલ પર કરવામાં આવેલા



હુમલામાં ૪૦થી વધુ લોકોના મોત થઈ ગયા હતા. આ હુમલાને ખતરનાક બંદૂકધારીઓએ અંજામ આપ્યો હતો જેમાં બંદૂકધારીઓને ઠાર કરી દેવામાં આવ્યા હતા. કુવૈતમાં અલસવાબેરમાં સ્થિત અલઈમામ અલશાદીક નામની સિયા મસ્જિદમાં હુમલો કરવામાં આવ્યો હતો તે વખતે નમાઝ અદા કરવામાં આવી હતી. રમઝાન મહિનામાં શુક્રવાર હોવાના કારણે મસ્જિદમાં મોટી સંખ્યામાં લોકો એકત્રિત હતા.લોકપ્રિય ટ્યુરિસ્ટ ડેસ્ટીનેશન એવા સોસે ખાતે આવેલી ઈમ્પેરિયલ મરહબા હોટલમાં હુમલો કરાયો હતો. અંધાધૂંધ ગોળીબાર એક શખ્સ દ્વારા કરાયો હતો. જો કે, સુરક્ષા દળોએ મોડેથી આ શખ્સને ઠાર મારી દેવામાં આવ્યો હતો. આ હોટલ પાટનગર ટ્યુનિસથી ૧૪૦ કિલોમીટરના અંતરે સ્થિત છે. ફ્રાંસમાં પણ આતંકવાદી હુમલો કરાયો હતો જેમાં હુમલાખોરે એકનું માથુ કાપી નાંખ્યું હતું. દેશના પૂર્વીય ભાગમાં ગેસ ફેક્ટરીમાં આ બનાવ બન્યો હતો. પોલીસે શખ્સની ધરપકડ કરી લીધી છે જે ફેક્ટરીમાં ઘુસીને બ્લાસ્ટ કરવામાં સફળ રહ્યો હતો.ફ્રાંસના દક્ષિણ પૂર્વમાં સેન્ટ ક્વેટિનો ફૈલેવે સ્થિત એક ફેક્ટરીમાં કેટલાક લોકોએ હુમલો કરીને એક વ્યક્તિની હત્યા કરી દીધી હતી. કેટલાક લોકો ઘાયલ પણ થયા હતા. ફેક્ટરીમાં આતંકવાદી સંગઠન આઈએસના ધ્વજ પણ મળી આવ્યા હતા. કેટલાક લોકો વાહનમાં બેસીને ફેક્ટરીમાં પહોંચ્યા હતા ત્યારબાદ બ્લાસ્ટ થયો હતો. સ્થાનિક અખબારના જણાવ્યા મુજબ જે વ્યક્તિની હત્યા થઈ છે તેનું માથુ આઈએસના ધ્વજની સાથે ફેક્ટરીની વાડની નજીક મળી આવ્યું હતું. ત્રણ દેશોમાં એક સાથે હુમલા કરવામાં આવ્યા બાદ અન્ય દેશો પણ સુરક્ષા વધારી ચુક્યા છે. બીજી બાજુ ટ્યુનેશિયાને આ હુમલો કરવામાં આવ્યા બાદ ટ્યુરિઝમને મોટો ફટકો પડી શકે છે. કારણ કે ટ્યુનેશિયમાં લોકોમાં દહેશત ફેલાઈ ગઈ છે. આ દેશમાં ૪૦૦૦૦૦ લોકો પ્રત્યક્ષ અથવા તો પરોક્ષરીતે ટ્યુરિઝમમાં નોકરી સાથે જોડાયેલા છે. દેશના જીડીપીમાં ટ્યુરિઝમની ભૂમિકા અથવા તો યોગદાન ટ્યુનેશિયામાં સાત ટકાની આસપાસ છે. જો કે હવે સ્થિતી બદલાઈ જાય તેવી શક્યતા દેખાઈ રહી છે. સુરક્ષા પહેલાથી વધારાઈ છે.

## બિહારમાં પોલિયો ટીપા બાદ એક બાળકનું મોત

પટણા, તા. ૨૭

બિહારના વૈશાલી જિલ્લામાં પોલિયોના ટીપા પીધા બાદ એક માસૂમ બાળકનું મોત થયું હતું અને અન્ય છ બાળકોને અસર થઈ હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવના કારણે ભારે ખળભળાટ મચી ગયો છે. મામલામાં તપાસનો આદેશ પણ કરવામાં આવ્યો છે. આ બનાવ હાજીપુર નજીક શાહપુર ગામમાં બન્યો હતો. પટણાથી બે કિલોમીટરના અંતરે સ્થિત વૈશાલીમાં આ બનાવ બન્યા બાદ તંત્રની ઉંઘ હરામ થઈ ગઈ હતી. શુક્રવારના દિવસે પાંચ વર્ષ સુધીના બાળકોને પોલિયોના ટીપા પીવડાવવામાં આવ્યા હતા. વૈશાલીના સિવિલ સર્જન દ્વારા આ બનાવમાં તપાસનો આદેશ કરવામાં આવ્યો છે. પોલિયો ટીપા લીધા બાદ બાળકો અસરગ્રસ્તના મામલા અગાઉ પણ સપાટી ઉપર આવતા રહ્યા છે. ફરી એકવાર આ બનાવ બનતા તંત્રમાં પણ દોડધામ મચી ગઈ છે. હજુ સુધી કોઈપણ ખુલાસો કરવામાં આવ્યો નથી પરંતુ અન્ય છ બાળકો અસ્વસ્થ હોવાથી તંત્રની ચિંતા ઓછી થઈ નથી.

**મોદી સરકાર દ્વારા મેક ઇન ઇન્ડિયાને મહત્વ**

## તાતા સહિતની ઘણી કંપનીને ૫૬ ડિફેન્સ લાયસન્સ મળ્યા

નવીદિલ્હી,તા. ૨૭

નરેન્દ્ર મોદી સરકારે મેક ઈન ઈન્ડિયાને પ્રોત્સાહન આપવા માટે ઘણી બધી પહેલ કરી દીધી છે. મોદી સરકારે મહિન્દ્રા, તાતા અને પીપાવાવ જેવી કાનગી કંપનીઓને ૫૬ ડિફેન્સ લાયસન્સ આપી દીધા છે. છેલ્લા એક વર્ષની અંદર ખાનગી સેક્ટરની કંપનીઓને ૫૬ ડિફેન્સ મેન્યુફેક્ચરિંગ પરવાના આપવામાં આવ્યા છે જે અગાઉની યુપીએ સરકાર દ્વારા અગાઉના ત્રણ વર્ષના ગાળા દરમિયાન જે લાયસન્સ આપવામાં આવ્યા હતા તેની સરખામણીમાં ૪૭ લાયસન્સ વધારે છે. મોદી સરકારે મેક ઈન ઈન્ડિયા ઝુંબેશને પ્રોત્સાહન આપવા માટે તથા સ્વદેશી સંરક્ષણ ઉત્પાદન પ્રત્યે કટિબદ્ધતા દર્શાવીને આ હિલચાલ હાથ ધરી છે. ડિપાર્ટમેન્ટ ઓફ ઈન્ડસ્ટ્રીયલ પોલિસી એન્ડ પ્રમોશન દ્વારા જારી કરવામાં આવેલા આંકડામાં જણાવવામાં આવ્યું છે કે, શ્રેણીબદ્ધ અરજીઓને ભાજપ સરકાર સત્તામાં આવ્યા બાદથી મંજુરી આપી દેવામાં આવી છે. કેટલીક અરજીઓ તો ચાર વર્ષથી પણ વધુ સમયથી પેન્ડિંગ રહેલી હતી. મહિન્દ્રા, તાતા, પીપાવાવને મોટા લશ્કરી સાધનો માટે પ્રોડક્શન યુનિટ શરૂ કરવા મંજુરી આપી દેવામાં આવી છે. તાતા ભારતીય સેનાના ટી-૯૦ અને ટી-૭૨ જેવા ટેન્ક જેવા ફાઈટિંગ યુનિટોને અપગ્રેડ કરવા માટે સજ્જ છે. તાતા દ્વારા તેમના એકમોને વધુ મજબૂત કરવામાં આવશે. બીજી બાજુ મહિન્દ્રા દ્વારા છેલ્લા વર્ષમાં તેના ડિફેન્સ બિઝનેસને સ્થિર રીતે વધારવાનું કામ કરવામાં આવ્યું છે. મહિન્દ્રાને મેન્યુફેક્ચરિંગ નેવલ સિસ્ટમ સહિતના ક્ષેત્રોમાં પરવાનગી આપવામાં આવી છે. બોટ નિર્માણમાં પણ તેની ભૂમિકા રહેલી છે. અગામી થોડાક સપ્તાહોમાં નવી સંરક્ષણ પ્રાપ્તિ નીતિની જાહેરાત કરવામાં આવનાર છે. મોદી સરકારે મેક ઈન ઈન્ડિયાની દિશામાં ઝડપથી આગેકૂચ કરી છે. કેટલીક અરજીઓને ખૂબ જ વહેલીતકે લીલીઝંડી આપી દેવામાં આવી છે. ડિફેન્સ સેક્ટરને વધુ મજબૂત કરવા મોદી સરકારે કમરકસી લીધી છે.

## મુલાયમ યાદવ ગુડગાંવની હોસ્પિટલમાં દાખલ

ગુડગાંવ, તા. ૨૭

સમાજવાદી પાર્ટીના વડા મુલાયમસિંહ યાદવને તાવની અસર થયા બાદ ગુડગાંવની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ૭૫ વર્ષીય નેતાને શુક્રવારના દિવસે મેડિસિટી મેદાંતા હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા. તેમની તબિયત સારી ન હતી જેના પરિણામ સ્વરુપે તબીબોએ ત્રણ દિવસ સુધી તેમને આરામની સલાહ આપી છે. હોસ્પિટલના સુત્રોનું કહેવુંછે કે, ભૂતપૂર્વ સંરક્ષણમંત્રી યાદવને ખાનગી રૂમમાં રાખવામાં આવ્યા છે. સૂત્રોનું કહેવું છે કે, દર્દી ઉપર કેટલાક ટેસ્ટ કરવામાં આવ્યા છે જેમાં અલ્ટ્રાસાઉન્ડ અને સીટીસ્કેનનો સમાવેશ થાય છે. યાદવને માર્ચ મહિનામાં પણ આ હોસ્પિટલમાં એક વખતે દાખલ કરાયા હતાતે વખતે તેમના પેટમાં ઈન્ફેક્શનની અસર થઈ ગઈ હતી. પરંતુ લખનૌમાં સમાજવાદી પાર્ટીએ એવા અહેવાલને રદિયો આપ્યો છે કે, યાદવ અસ્વસ્થ થયેલા છે. યાદવ ચેકઅપ માટે ગુડગાંવ ગયા હતા. નેતાજીની તબિયત ખુબ સારી છે તેમ પક્ષના ટોચના કાર્યકરોએ આજે માહિતી આપતા જણાવ્યું હતું.

# એએપી ભ્રષ્ટાચાર વિરોધી એકમો શરૂ કરવા ઇચ્છુક

નવીદિલ્હી,તા. ૨૭

એન્ટી કરપ્શન બ્રાંચના વડા મુકેશકુમાર મીણાની હકાલપટ્ટી કરવાની માંગણી કરીને એએપીએ આજે કહ્યું હતું કે, જો કેન્દ્ર સરકાર અને લેફ્ટી ગવર્નર તેમની કામગીરીમાં દરમિયાનગીરી કરશે તો પાર્ટી કેટલાક ભ્રષ્ટાચાર વિરોધી યુનિટ શરૂ કરશે. પત્રકાર પરિષદમાં બોલતા એએપીના નેતા કુમાર વિશ્વાસે કહ્યું હતું કે, ઘણા નાના એસીયુ જુદા જુદા વિસ્તારોમાં સ્થાપિત કરવામાં આવશે. કારણ કે કેન્દ્ર સરકાર અને લેફ્ટી ગવર્નરની દરમિયાનગીરી સ્પષ્ટપણે જોવા મળી રહી છે. કુમાર વિશ્વાસે આક્ષેપ કર્યો હતો કે, એન્ટી કરપ્શન બ્યુરોની યોગ્ય કામગીરીમાં કેન્દ્ર સરકાર અને લેફ્ટી ગવર્નર દ્વારા દરમિયાનગીરી કરવામાં આવી રહી છે. સ્વતંત્રતા સાથે એસીબીની કામગીરી થઈ રહી નથી. વિશ્વાસે કહ્યું હતું કે, તેઓ જો આ જ પ્રથા ચાલુ રહેશે તો આ પ્રકારના યુનિટ જુદા જુદા વિસ્તારમાં સ્થાપિત કરશે. કેન્દ્ર સરકાર અને લેફ્ટી ગવર્નર ભ્રષ્ટાચાર વિરોધી ચળવળને નબળી કરવાના પ્રયાસો કરી રહ્યા છે. અત્રે નોંધનીય છે કે, એડિશનલ કમિશનર એસએસ યાદવને ઓવરટેક કરીને ૮મી જૂનના દિવસે એસીબી વડા તરીકે મીણાની નિમણૂંક લેફ્ટી ગવર્નર નજીબજંગ દ્વારા કરવામાં આવી હતી. નજીબજંગની હિલચાલ સામે દિલ્હી સરકારે વાંધો ઉઠાવ્યો હતો. પાર્ટી નેતા દિલીપ પાંડેએ કહ્યું હતું કે, પાર્ટીના મુખ્ય એજન્ડાને લઈને પાર્ટી કોઈ બાંધછોડ કરશે નહીં. ભ્રષ્ટાચાર સામે લડતને જારી રાખવામાં આવશે.

## વડાપ્રધાન મોદી આજે લોકો સાથે ફરી એકવાર વાત કરશે

નવી દિલ્હી,તા. ૨૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલે રવિવારે ફરી એકવાર મનકી બાતમાં લોકો સાથે વાતચીત કરનાર છે. આ વખતે વિષય શુ રહેશે તેને લઈને હજુ સુધી કોઈ માહિતી મળી શકી નથી. પરંતુ મોદી મહત્વપૂર્ણ મુદ્દો ઉઠાવે તેવી શક્યતા છે. મોદી મન કી બાત કાર્યક્રમમાં ફરી લોકો સાથે વાતચીત કરનાર છે. આના માટે વિચારો આમંત્રિત કરવામાં આવી ચુક્યા છે. મોદી તેમના લોકપ્રિય કાર્યક્રમ મારફતે અગાઉ પણ લોકો સાથે સંપર્કમાં રહ્યા છે. છેલ્લી મન કી બાત કાર્યક્રમમાં મોદીએ જવાનોના વન રેન્ક વન પેન્શન અને ખેડુતો તેમજ વિદ્યાર્થીઓના પ્રશ્ને વાત કરી હતી. હવે નવા કાર્યક્રમને લઈને મોદી ઉત્સુક દેખાઈ રહ્યા છે. છેલ્લે મન કી બાત કાર્યક્રમમાં મોદીએ ખાતરી આપતા કહ્યું હતું કે તેમની સરકાર ભારતીય સેનાના પૂર્વ જવાનો માટે વન રેન્ક વન પેન્શન સ્કીમને અમલી કરવા માટે કટિબદ્ધ છે પરંતુ તેને લઈને રહેલી જટિલતાને દુર કરવા માટે થોડાક સમયની જરૂર છે. મોદીએ છેલ્લે પોતાના રેડિયો કાર્યક્રમ મન કી બાતમાં લોકોની સાથે જોડાયેલા તમામ વિષયો પર વાત કરી હતી.

## ટ્વિટર પર ઋત્વિકના ૧૦ મિલિયનથી વધુ ફોલોઅર્સ

મુંબઈ,તા. ૨૭

બોલીવુડના સુપરસ્ટાર અભિનેતા રુત્વિક રોશન પણ નેશનલ નેટવર્કિંગ સાઈટ પર એક કરોડના ફોલોઅર્સ સુધી પહોંચી ગયો છે. ૪૧ વર્ષીય બેંગ બેંગના આ સ્ટારે ટ્વિટર ઉપર પોતાના ચાહકોનો આભાર માન્યો છે અને કહ્યું છે કે, તે ખુબ જ ખુશ છે. ટ્વિટર ઉપર ખુબ ઓછા એવા કલાકારો જે આ આ આંકડા સુધી પહોંચી શક્યા છે. રૂત્વિક રોશને કહ્યુ છે કે, તે બોલીવુડના ચાહકોની પ્રેરણા સાથે આગળ વધી રહ્યો છે અને આ પ્રકારના જુસ્સાથી તેને તાકા મળી રહી છે. ક્રિશના સુપર સ્ટાર અભિનેતાએ કહ્યું છે કે તે હાલમાં આશુતોષ ગોવારીકરની ફિલ્મ મોહેનજોદરો ફિલ્મમાં કામ કરી રહ્યો છે જેમાં તેની સાથે પૂજા હેગડે નામની અભિનેત્રી કામ કરી રહી છે. પૂજા હેગડે આ ફિલ્મ સાથે બોલીવુડમાં એન્ટ્રી કરી રહી છે. ઋત્વિકને હાલમાં બોલીવુડના ટોપ ક્લાસ અભિનેતામાં ગણવામાં આવે છે.